રાજ્ય સરકારના તા.૦૧/૦૧/૨૦૨૦થી
તા.૩૦/૦૬/૨૦૨૧ દરમ્યાન નિવૃત
થયેલ કર્મચારીઓને ગ્રેજ્યુઇટી અને રજાના
રોકડમાં રુપાંતર માટે મોંઘવારી ભથ્થાની
ગણતરી કરવા બાબત.

COMPTROLLER OFFICE
A.A.U.. Anand.
11 MAR 2022
Inward No. 7611

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક: પશન/૧૦૨૦૨૨/સીએમ-૯૯/પી
સચિવાલય, ગાંધીનગર
તારીખ: [illegible] 2022

વંચાણે લીધા:
(૧) ભારત સરકારનો તા.૨૩.૦૪.૨૦૨૦ નો કચેરી હુકમ નં.૧/૧/૨૦૨૦/ ઈ.૨(બી)
(૨) ભારત સરકારનો તા.૨૦.૦૭.૨૦૨૧ નો કચેરી હુકમ નં.૧/૧/૨૦૨૦/ ઈ.૨(બી)
(૩) નાણા વિભાગના તા.૨૨.૯.૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક: વલભ/૧૦૨૦૧૬/જીઓઆઈ-૭/ચ
(૪) ભારત સરકારનો તા.૦૭.૦૯.૨૦૨૧ નો કચેરી હુકમ નં.૧(૫)/ઈ.વી/૨૦૨૦

પ્રસ્તાવના :

વંચાણ હેઠળના ક્રમાંક(૧)ના ભારત સરકારના તા.૨૩/૦૪/૨૦૨૦ના ઓફિસ મેમોરેન્ડમથી કોવિડ-૧૯ના સંક્રમણના કારણે ઉભી થયેલ પરિસ્થિતિને ધ્યાને રાખી, તા.૦૧/૦૧/૨૦૨૦, તા.૦૧/૦૭/૨૦૨૦ તથા તા.૦૧/૦૧/૨૦૨૧થી ચુકવવાપાત્ર થતું મોંઘવારી ભથ્થું સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. ત્યાર બાદ વંચાણ હેઠળના ક્રમાંક (૨)ના ભારત સરકારના તા.૨૦/૦૭/૨૦૨૧ના ઓફિસ મેમોરેન્ડમથી કેન્દ્ર સરકારના કર્મચારીઓને ઉક્ત સ્થગિત કરવામાં આવેલ મોંઘવારી ભથ્થાંનું એકત્રીકરણ કરી તા.૦૧/૦૭/૨૦૨૧ની અસરથી ૧૭%ના દરમાં વધારો કરી ૨૮%ના દરે મંજૂર કરવાનું ઠરાવવામાં આવેલ છે. જે અન્વયે વંચાણ હેઠળના ક્રમાંક(૩)ના નાણા વિભાગના તા.૨૨/૦૯/૨૦૨૧ના ઠરાવથી રાજ્ય સરકારના કર્મચારીઓને સ્થગિત કરવામાં આવેલ મોંઘવારી ભથ્થાંનું એકત્રીકરણ કરી તા.૦૧/૦૭/૨૦૨૧ની અસરથી ૧૭%ના દરમાં વધારો કરી ૨૮%ના દરે મંજૂર કરવાનું ઠરાવવામાં આવેલ છે. અલબત્ત, તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૦/૦૬/૨૦૨૧ સુધીના સમયગાળા માટેનો મોંઘવારી ભથ્થાનો દર ૧૭% નો રહેશે તેવું ઠરાવેલ હતું. વંચાણ હેઠળના ક્રમાંક (૪)ના ભારત સરકારના તા.૦૭/૦૯/૨૦૨૧ના ઓફિસ મેમોરેન્ડમથી, કેન્દ્ર સરકારના જે કર્મચારીઓ તા.૦૧/૦૧/૨૦૨૦ના રોજ અથવા ત્યાર પછી અને તા.૩૦/૦૬/૨૦૨૧ સુધીમાં નિવૃત થયેલ

હોય તેઓના કેસમાં ગ્રેજ્યુઇટી તથા રજાના રોકડમાં રુપાંતર માટે મોંઘવારી ભથ્થાનો દર તા.૦૧/૦૧/૨૦૨૦, તા.૦૧/૦૭/૨૦૨૦ તથા તા.૦૧/૦૧/૨૦૨૧ના રોજ અનુક્રમે ૨૧%, ૨૪%, ૨૮% ગણતરીમાં લેવા અંગેના હુકમો કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારના તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૦/૦૬/૨૦૨૧ દરમ્યાન નિવૃત થયેલ કર્મચારીઓને ગ્રેજ્યુઇટી અને રજાના રોકડમાં રુપાંતર માટે જે તે તારીખે અમલમાં હોય તે મોંઘવારી ભથ્થાનો દર ગણતરીમાં લેવા અંગેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. આ બાબતે કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારશ્રી નીચે મુજબ ઠરાવે છે.

ઠરાવ :

રાજ્ય સરકારના તા.૦૧/૦૧/૨૦૨૦ના રોજ અથવા ત્યારબાદ અને તા.૩૦/૦૬/૨૦૨૧ સુધીમાં નિવૃત થયેલ કર્મચારીઓને ગ્રેજ્યુઇટી તથા રજાના રોકડમાં રુપાંતરની ગણતરીમાં મોંઘવારી ભથ્થાનો દર નીચેની વિગતે ગણતરીમાં લેવા ઠરાવવામાં આવે છે.

| આ સમયગાળામાં નિવૃત્ત થનાર કર્મચારીઓ | ગણતરીના હેતુ માટે મોંઘવારી ભથ્થાની નોશનલ ટકાવારી |
|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી | મૂળ પગારના ૨૧% |
| તા.૦૧/૦૭/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી | મૂળ પગારના ૨૪% |
| તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૦/૦૬/૨૦૨૧ સુધી | મૂળ પગારના ૨૮% |

રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર તા.૦૧/૦૧/ ૨૦૨૦ના રોજ અથવા ત્યારબાદ અને તા.૩૦/૦૬/૨૦૨૧ સુધીમાં નિવૃત થયેલ કર્મચારીઓને ગ્રેજ્યુઇટી તથા રજાના રોકડમાં રુપાંતરની ગણતરીમાં મોંઘવારી ભથ્થાના દરમાં થતો આ વધારો જેમને સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણા થયેલ છે તેમને મળવાપાત્ર થશે.

આ હુકમો અખિલ ભારતીય સેવા(AIS) અધિકારીઓને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિપલ હડિયલ)
નાયબ સચિવ(પેન્શન),
નાણા વિભાગ

પ્રતિ,

**નકલ રવાના:-**

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
  માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
  માન.વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
  સચિવાલયના સર્વે વિભાગો/ તમામ ખાતાના વડાઓ/ તમામ કચેરીના વડાઓ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર .
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુકત કચેરી, લોકાયુક્ત ભવન, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
  એકાઉન્ટન્ટ જનરલશ્રી(એ એન્ડ ઈ) ગુજરાત રાજ્ય, અમદાવાદ
  એકાઉન્ટન્ટ જનરલશ્રી(એ એન્ડ ઈ), ગુજરાત રાજ્ય, પો.બો.નં.૨૨૦,રાજકોટ.
  એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડિટ-૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.
  નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
  નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર.
  નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર/સર્વે સહાયક નિરીક્ષકશ્રીઓ.
  નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
  તમામ તિજોરી અધિકારીશ્રીઓ/તમામ પેટા તિજોરી અધિકારીશ્રીઓ,
  પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
  સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
  તમામ બોર્ડ/નિગમ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.
  સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે.
  સિલેકટ ફાઇલ પી શાખા
- પત્ર દ્વારા

જા.નં.આકૃયુ/હિનિ/કંટ્રોલ-૨/૯-૨૩૨ /૨૦૨૨ તારીખ.૧૫/૦૩/૨૦૨૨

**રાજ્ય સરકારના તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૦/૦૬/૨૦૨૧ દરમ્યાન નિવૃત થયેલ કર્મચારીઓને ગ્રેજ્યુઇટી અને રજાના રોકડમાં રૂપાંત્તર માટે મોંઘવારી ભથ્થાંની ગણતરી કરવા બાબત.**

ઉપરોક્ત ઠરાવથી રાજ્ય સરકારના તા.૦૧/૦૧/૨૦૨૦ રોજ અથવા ત્યારબાદ અને તા.૩૦/૦૬/૨૦૨૧ સુધીમાં નિવૃત થયેલ કર્મચારીઓને ગ્રેજ્યુઇટી તથા રજાના રોકડમાં રૂપાંત્તરની ગણતરીમાં મોંઘવારી ભથ્થાંનો દર નીચેની વિગતે ગણતરીમાં લેવા ઠરાવવામાં આવેલ છે.

| ક્રમ | આ સમયગાળામાં નિવૃત થનાર કર્મચારીઓ | ગણતરીના હેતુ માટે મોંઘવારી ભથ્થાંની નોશનલ ટકાવારી |
|---|---|---|
| ૧. | તા. ૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી | મુળ પગારના ૨૧ % |
| ૨. | તા. ૦૧/૦૭/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી | મુળ પગારના ૨૪ % |
| ૩. | તા. ૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૦/૦૬/૨૦૨૧ સુધી | મુળ પગારના ૨૮ % |

રાજ્ય સરકારની પ્રવર્તમાન નિતી અનુસાર તા.૦૧/૦૧/૨૦૨૦ના રોજ અથવા ત્યારબાદ અને તા.૩૦/૦૬/૨૦૨૧ સુધીમાં નિવૃત થયેલ કર્મચારીઓને ગ્રેજ્યુઇટી તથા રજાના રોકડમાં રુપાંતરની ગણતરીમાં મોંઘવારી ભથ્થાંના દરમાં થતો આ વધારો જેમને સાતમાં પગારપંચ મુજબ પગારસુધારણા થયેલ છે તેમને મળવાપાત્ર થશે.

આમ, આણંદ કૃષિ યુનિવર્સિટીમાંથી નિવૃત થયેલ શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓ/અધિકારીશ્રીઓને રાજ્ય સરકારની પ્રવર્તમાન નિતી અનુસાર તા.૦૧/૦૧/૨૦૨૦ ના રોજ અથવા ત્યારબાદ અને તા.૩૦/૦૬/૨૦૨૧ સુધીમાં નિવૃત થયેલ કર્મચારીઓ /અધિકારીશ્રીઓને ગ્રેજ્યુઇટી તથા રજાના રોકડમાં રુપાંતરની ગણતરીમાં મોંઘવારી ભથ્થાંના દરમાં થતો આ વધારો જેમને સાતમાં પગારપંચ મુજબ પગારસુધારણા થયેલ તેમને ચુકવણાં કરવા માટે સબંધિત કચેરીની મંજુરી મેળવી તા.૨૩/૦૩/૨૦૨૨ સુધીમાં બીલો અત્રેની કચેરીને રજુ કરવા આથી જણાવવામાં આવે છે.

આ કચેરીની ફાઇલ ઉપર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવવામાં આવેલ છે.

**હિસાબ નિયામક**
**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**આણંદ**

**નકલ રવાના જરૂરી કાર્યવાહી સારુ:-**

૧. હિસાબી અધિકારીશ્રી(પીએફ/પેન્શન), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ ઘટતું થવા સારૂ.
૨. હિસાબી અધિકારી(કેશ), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
૩. ઓડીટ ઓફિસરશ્રી, પે એન્ડ પેન્શન સેલ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ ઘટતું થવા સારૂ.
૪. આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ તરફ જાણ તથા બીલો બનાવવા માટે જરૂરી આધાર પુરાવા સાથે સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવી અત્રેની કચેરીના પે સેલમાં મોકલી આપવા સારુ.